જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/03/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ અને ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૦,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સોનાનો ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૫૯૭/૧૮**

**ચાંદખેડાઃ** પ્રહલાદસિંહ લક્ષ્મણસિંહ ચુડાસમા (ઉ.વ.૩૩) (રહે.ગણેશ ગોલ્ડ ગોદરેજ સીટીની બાજુમાં સાબરમતી) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/03/૧૮ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે જગતપુર સેવી સ્વરાજ સામેથી પ્રહલાદસિંહ ચુડાસમા તેમની માતાને એક્ટીવા પાછળ બેસાડી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રહલાદસિંહ ચુડાસમાના માતાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.કે.રાઠવા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૯૮/૧૮**

**પાલડીઃ** દિપકભાઇ સ/ઓ દુદાભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે. અનંત સોસાયટી મમ્મી ગેરેજની બાજુમા ચકુડીયા મહાદેવ મંદિર રખિયાલ) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/03/૧૮ કલાક ૦૦/૧૫ થી કલાક ૪/૩૦ વાગ્યા દરમ્યાન કતારગામ સુરત થી અમદાવાદ પાલડી જલારામ મંદિર રોડ ગુજરાત ટ્રાવેલ્સમા મુસાફરી દરમ્યાનઅજાણી વ્યક્તિએ ફ્રુટીમા કોઇ નશીલો પદાર્થ પીવડાવી અર્ધ બેભાન બનાવી દિપકભાઈ પાસેની સોનાની ચેઇન, સોનાની વીંટી અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.ગરચર ચલાવે છે.

**અપમૃત્યુ:-** **સમાચાર યાદી નં.૫૯૯/૧૮**

**બાપુનગરઃ** જીવણભાઈ ખેમાભાઈ પરમાર (ઉ.વ.૪૦) (રહે. સોમનાથ પાર્ક સોસાયટી રબારી વસાહત ઓઢવ ) તા.૨૬/૦૩/૧૮ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓમપ્રકાશ સ્ટીલ ફેકટરીમાં મશીન ઉપર કામ કરતી વખતે મશીનનુ પાટીયુ તુટતા મશીન પલ્ટી ખાઈ જતાજીવણભાઈ નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૦૦/૧૮**

**મેઘાણીનગરઃ** મુસ્કાન વા/ઓ સતીષસીગ પરમાર (રહે. જય અંબે સોસાયટી ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૧૮ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.જી.ઠાકોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.